**૦૬ મે-૨૦૧૭**

## હળધર બલરામ ભગવાન અને હળની પૂજા અર્ચના કરી
## મુખ્યમંત્રીશ્રીએ કૃષિ પ્રદર્શનને ખુલ્લું મુકયું

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ ખેડા જિલ્લાના નડિયાદ ખાતેથી આજે રાજયવ્યાપી ૧૩મા કૃષિ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો હતો.

મુખ્યમંત્રી શ્રી વિજયભાઇ રૂપાણીએ હળધર બલરામ ભગવાન અને હળની પૂજા-અર્ચના કરી કૃષિ પ્રદર્શનને ખુલ્લું મુકયું હતું. આણંદ કૃષિ યુનિવર્સિટી દ્વારા માર્કેટીંગ અને વેલ્યુએશન ખાસ થીમ પેવેલિયનમાં ઉભા કરવામાં આવેલ કૃષિ, પશુપાલન અને બાગાયતી પ્રદર્શન સ્ટોલોની મુખ્યમંત્રીશ્રીએ મુલાકાત લઇ જાત માહિતી મેળવી હતી.

આ કૃષિ પ્રદર્શને ખેડૂતોમાં અનેરૂં આકર્ષણ ઉભું કર્યું હતું. કૃષિ પ્રદર્શનમાં ખેડૂતોને કૃષિ, પશુપાલન, બાગાયત, ટપક સિંચાઇ પદ્ધતિ અંગેનું વિનામૂલ્યે સાહિત્ય વિતરણ કરવામાં આવ્યું હતું.

આ અવસરે મહેસુલ મંત્રી શ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમા, કૃષિમંત્રી શ્રી ચીમનભાઇ સાપરિયા, સાંસદશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, કૃષિ યુનિવર્સિટીના અધિકારીઓ તથા અગ્રણીઓ હાજર રહયા હતા.

......................

